## વાણિજ્યિક વેરા કમિશનરશ્રીની કચેરી

ક્રમાંક : વાવેક/ગુજકા/વેટ-વેચાણવેરા સમાધાન/૨૦૧૬-૧૭/જા... પરિપત્ર ક્રમાંકઃ ૧૯૧/૧૬૬ તા: ૧૭/૧૨/૨૦૧૬

સંદર્ભ: ૧) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસટી/ ૧૦૨૦૧૪/૨૨૪૧/ઠ. તા.૦૧/૦૮/૨૦૧૬.

૨) અત્રેનો જાહેર પરિપત્ર ક્રમાંક: વાવેક/ગુજકા/વેટ-વેચાણવેરા સમાધાન/૨૦૧૬-૧૭/જા. પરિપત્ર ક્રમાંકઃ૧૮૩/૧૫૮ તા: 30/૦૮/૨૦૧૬

3) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસટી/ ૧૦૨૦૧૪/૨૨૪૧/ઠ. તા. ૭/૧૨/૨૦૧૬.

## -: જાહેર પરિપત્ર :-

નાણા વિભાગના સંદર્ભ-(૧) હેઠળના ઠરાવથી વેટ / વેચાણવેરા સમાધાન યોજના તા.૧/૮/૨૦૧૬ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. પ્રસ્તુત સમાધાન યોજના અંગે રાજયના વિવિધ ઔદ્યોગિક તથા વ્યાપારિક એસોસીએશન દ્વારા વિવિધ રજુઆતો કરવામાં આવેલ છે. તે અન્વયે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ પ્રસ્તુત સમાધાન યોજના અંગે સંદર્ભ-(૩) હેઠળના ઠરાવથી જરૂરી સુધારા તા.૭/૧૨/૨૦૧૬ થી જાહેર કરેલ છે. આથી અત્રેના સંદર્ભ ક્રમાંક-(૨) હેઠળના જાહેર પરિપત્રના અનુસંધાને નીચે મુજબની જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૧. સમાધાન યોજનાની મુદ્દત તા.૩૧/૩/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે.

૨. સંદર્ભ-(૩) મુજબના નાણાં વિભાગના ઠરાવમાં ક્રમ-૧ અનુસાર વેપારીશ્રી જે વર્ષોમાં અપીલ સંદર્ભે લાભ લેવા માંગતા હોય તે વર્ષ પુરતી તેમજ કોઇપણ વર્ષની અપીલ અંગેના આંશિક વ્યવહારો પૂરતી અપીલ પાછી ખેંચીને યોજનામાં ભરવાની થતી રકમ ભરી આપશે તો તેઓ આ યોજનાનો તે વર્ષોનો તેમજ કોઇપણ વર્ષની અપીલના આંશિક વ્યવહારો પૂરતો પણ આ લાભ લઇ શકશે અને આ પાછી ખેંચેલ અપીલ અંગે કોઇપણ તબકકે વિવાદ લઇ શકશે નહીં. આથી વેપારીશ્રી જો અપીલ અંગે સમાધાન

યોજનાનો લાભ લેવા માંગતા હોય તો તેમણે સમાધાન અરજી સુધારેલ નમૂનો-A માં કરવાની રહેશે. જો ખાતા પાસે અપીલ પડતર હોય તો સાથોસાથ વિવાદ અરજી પૂરેપૂરી કે અંશત: પરત ખેંચવા બાબતની અરજી પણ નમૂનો-B માં સબંધિત વિવાદ અધિકારીને કરવાની રહેશે. જો નામદાર ટ્રીબ્યુનલ / હાઇકોર્ટ / સુપ્રિમ કોર્ટ પાસે અપીલ પડતર હોય તો નમૂના-Aમાં દર્શાવ્યા મુજબ અપીલ પરત ખેંચ્યાની અરજી આ સબંધિત અપીલ સત્તાધિકારીને કરવાની રહેશે.

૩. સંદર્ભ-(૩) મુજબના નાણાં વિભાગના ઠરાવમાં ક્રમ-૨ અને ૪ અનુસાર વેપારી અરજી સાથે પણ સમાધાન યોજના મુજબની રકમ પણ ભરી શકશે. પરંતુ યોગ્ય સત્તાધિકારી તરફથી ખૂટતી રકમ ભરવાની જાણ થયે તે બાકી રકમ પણ યોજનાના સમયગાળામાં ભરપાઇ કરવાની રહેશે. આથી વેપારીશ્રીએ યોજનામાં ભરવાપાત્ર રકમ અંગે તેમના સબંધિત અધિકારી પાસેથી તાત્કાલિક વિગતો પ્રાપ્ત કરી યોજના હેઠળની ખુટતી રકમ પણ તા.૩૧/૩/૨૦૧૭ પહેલાં અચુકપણે ભરપાઇ કરવાની તકેદારી રાખવાની રહેશે.

૪. સંદર્ભ-(૩) મુજબના નાણાં વિભાગના ઠરાવના ક્રમ-૫ અનુસાર સામાન્યત: યોજનામાં વેપારીશ્રીએ નિયત કરેલી તારીખે તેમની બાકી રકમ, વેરો, વ્યાજ અને દંડને ધ્યાને લઇ યોજનામાં રકમ ભરવાની થાય તેથી વધુ રકમ ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થવો જોઇએ. આમ છતાં ભુલથી કોઇ રકમ વધુ ભરાયેલ હોય ત્યારે વધુ ભરાયેલ રકમની યોગ્ય ચકાસણી કે આકારણી કર્યા બાદ જ જો રીફંડ આપવાનું થતું હશે તો તે રીફંડ આપવામાં આવશે. આથી વેપારીશ્રીએ યોજના મુજબ જ રકમ ભરાય તેની તકેદારી રાખવાની રહેશે.

૫. સંદર્ભ-(૩) મુજબના નાણાં વિભાગના ઠરાવમાં ક્રમ-૬ અનુસાર જો વેપારીશ્રી યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં અરજી કરશે તો તેને જ ૩૦% રકમ ભર્યેથી હપ્તાની સવલત મળશે. વેપારીશ્રી તા.૧/૧/૨૦૧૭ બાદ સમાધાન યોજનામાં અરજી કરશે તો તેમને ૩૦% રકમ ભરીને હપ્તાની સવલત મળી શકશે નહિ અને તેણે યોજના મુજબની પૂરેપૂરી રકમ ભરવી પડશે.

૬. આ યોજના હેઠળ લાભ લેવા સારૂ તા.૩૧/૩/૨૦૧૭ પહેલાં ભરવાપાત્ર રકમ પૂરેપૂરી અચૂકપણે ભરવાની રહે છે. આથી ભરવાપાત્ર રકમની ગણતરી તથા તેની જાણ વેપારીશ્રીને સમયસર થાય અને તે પ્રમાણે સમયસર રકમ ભરી પણ શકે તે માટે વેપારીશ્રીએ તા.૨૭/૩/૨૦૧૭ પહેલાં અરજી કરવી વધુ હિતાવહ રહેશે. તા.૨૭/૩/૨૦૧૭ બાદ અરજી કરનારે સમાધાન યોજના અંગે ભરવાપાત્ર રકમ અંગે સ્વમેળે ગણતરી કરી સમાધાન યોજના અનુસારની પૂરેપૂરી રકમ આપમેળે ભરવાની રહેશે.

૭. આ સમાધાન યોજના હેઠળ વેપારીશ્રીએ યોજના મુજબની જો પૂરેપૂરી રકમ તા.૩૧/૩/૨૦૧૭ પહેલાં ભરપાઇ કરેલી હશે તો તે અંગેના રેમીશન આદેશ સબંધિત કાયદા હેઠળ તા.૩૦/૯/૨૦૧૭ સુધીમાં સબંધિત અધિકારી દ્વારા કરવામાં આવશે.

**સંદર્ભ-(૨) મુજબના જાહેર પરિપત્રની બાકીની સૂચનાઓ યથાવત રહેશે.**

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

બિડાણ:

૧) સમાધાન યોજનાની અરજીનો સુધારેલ નમુનો-A

૨) અપીલ પરત ખેંચવાની અરજીનો નમૂનો-B

<u>નકલ રવાના:</u>

૧. સંયુકત સચિવશ્રી (કર), નાણાં વિભાગ, ગાંધીનગરને જાણ સારુ
૨. વાણિજ્યિકવેરા કમિશનરશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રીને જાણ સારૂં.
૩. ખાસ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રીને જાણ સારૂં.
૪. અધિક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી(તકેદારી/મહેકમ)ના અંગત મદદનીશને જાણ સારૂં.
૫. સઘળા સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૬. સઘળા નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૭. સઘળા સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૮. સઘળા વાણિજ્યિકવેરા અધિકારીશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૯. સઘળી વાણિજ્યિકવેરા કચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૧૦. આ કચેરીની તમામ શાખાઓને
૧૧. દફ્તર શાખાને/તાલીમ શાળાને ૧૦ નકલમાં.
૧૨. સઘળા માન્ય મંડળો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.(ઉપરોક્ત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવવા વિનંતી)

(આર.બી.મંકોડી)
સંયુક્ત વાણિજયકવેરા કમિશનર(કાયદા)
ગુજરાત રાજ્ય, અમદાવાદ

**વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬નો લાભ મેળવવાની અરજીનો**

**સુધારેલ નમૂનો-A**

**(વેપારીએ ઘટક કચેરી ખાતે બે નકલમાં અરજી તથા આદેશોના પુરાવાઓ રજુ કરવાના રહેશે)**

| | |
|---|---|
| ફકત કચેરીના ઉપયોગ માટે<br>અરજી મળ્યા તારીખ;__________<br>ઇન્વર્ડ નંબર: __________<br>સમાધાન યોજના રજીસ્ટરનં:________ | વેપારી પેઢીનું નામ__________<br>(નોંધાયેલ/બિન નોંધાયેલ)<br>નોંધણી નંબર__________<br>સરનામું__________<br>__________<br>માલિક/ભાગીદારનું નામ__________<br>રહેઠાણનું સરનામુ__________<br>મોબાઇલ નં/ટે.નં __________<br>તા.__________ |

પ્રતિ

સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી/વાણિજ્યિકવેરા અધિકારીશ્રી

ઘટક- ,__________

વિષય:- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬.

સંદર્ભ: ૧) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસટી/૧૦૨૦૧૪/૨૨૪૧/ઠ. તા.૦૧/૮/૨૦૧૬.

૨) અત્રેનો જાહેર પરિપત્ર ક્રમાંક: વાવેક/ગુજકા/વેટ-વેચાણવેરા સમાધાન/૨૦૧૬-૧૭/જા. પરિપત્ર ક્રમાંક:૧૮૩/૧૫૮ તા: 30/૮/૨૦૧૬

3) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસટી/૧૦૨૦૧૪/૨૨૪૧/ઠ. તા.૭/૧૨/૨૦૧૬

૪) અત્રેનો જાહેર પરિપત્ર ક્રમાંક: વાવેક/ગુજકા/વેટ-વેચાણવેરા સમાધાન/૨૦૧૬-૧૭/જા. પરિપત્ર ક્રમાંક: તા: /૧૨/૨૦૧૬

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬નો હું લાભ લેવા માંગું છું તથા સંદર્ભદર્શિત જાહેર પરિપત્ર મેં વાંચેલ છે અને તેની તમામ બાબતો મને કબૂલ મંજુર છે.

A. તા.૩૧/૧૨/૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત વેચાણવેરા કાયદા/ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ/કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ/ MST કાયદા અન્વયે પસાર થયેલ આકારણી,કામચલાઉ આકારણી, ઇસ્યુ બેઇઝ આકારણી, ફેરઆકારણીના અને રીવીઝન આદેશ અનુસાર તથા આ આદેશો સામે દાખલ કરેલ અપીલ/વિવાદ આદેશોની વિગતો નીચે મુજબ છે.

B. આ તમામ વર્ષોમાં વેરા+વ્યાજ+દંડ સહિતની કુલ ભરવાની બાકી રકમ પૈકી વેરાની રકમ ₹. ૧૦ કરોડ કરતા ઓછી થતી હોઇ હું સમાધાન યોજનાનો લાભ લેવા માંગુ છું.

C. હું નીચે જણાવેલ કક્ષા ૧ □/૨ □/3 □/ત્રણે કક્ષા □ અન્વયે વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬નો લાભ લેવા માંગું છું. **(લાગુ પડતું હોય ત્યાં √ નિશાની કરવી)**

(૧) **<u>કરચોરીના અથવા કરચોરી સિવાયના કેસોમાં આકારણી, કામચલાઉ આકારણી, ઇસ્યુ બેઇઝ આકારણી, ફેરઆકારણી અને રીવીઝન આદેશ અનુસારની બાકી અંગે;</u>**

- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ના જાહેર પરિપત્ર અનુસાર આ તમામ વર્ષોની ભરવાની થતી રકમ યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઇ કરી આપીશ.
- આ આદેશો સામે અમે ભવિષ્યમાં કોઇ વિવાદ અરજી દાખલ કરીશુ નહીં તથા આ ભરેલ રકમનું રીફંડ માંગીશુ નહીં કે રીફંડની રકમ સરભર કરીશ નહીં. જેની ખાતરી આપુ છું.
- ઉક્ત A મુજબના કાયદા અનુસારના પસાર કરેલ આદેશો અનુસાર ઉપસ્થિત થયેલ માંગણાની વિગતો નીચે મુજબ છે. જે આદેશોની નકલો સાથે સામેલ રાખેલ છે.

| ક્રમ | આકારણી, કામચલાઉ આકારણી, ઇસ્યુ બેઇઝ આકારણી, ફેર આકારણીના અને રીવીઝન આદેશનો સમયગાળો | આદેશની તારીખ | કયા કાયદા હેઠળનો આદેશ છે? | કરચોરી બાબતે છે કે અન્ય બાબતે | આદેશ મુજબ ઉદભવેલ માંગણું | | | | સમાધાન યોજના અન્વયે ભરેલ રકમ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વેરો | વ્યાજ | દંડ | કુલ | વેરો | વ્યાજ | દંડ | કુલ |
| ૧ | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | |

(૨) **<u>કરચોરીના અથવા કરચોરી સિવાયના કેસોમાં આકારણી, કામચલાઉ આકારણી, ઇસ્યુ બેઇઝ આકારણી, ફેરઆકારણી અને રીવીઝન આદેશ સામેની પડતર વિવાદ અરજીઓ અંગે:-</u>**

- ઉક્ત A મુજબના કાયદા અનુસારના આદેશો સામે તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં મેં દાખલ કરેલ તમામ તબક્કે પડતર વિવાદ અરજી પૂરેપૂરી / અંશત: પરત ખેંચી લેવાની અરજી નમૂના-B માં સબંધિત વિવાદ અધિકારીને સાથોસાથ કરેલ છે.
- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ના જાહેર પરિપત્ર અનુસાર આ તમામ વર્ષોની ભરવાની થતી રકમ યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઇ કરી આપીશ.
- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ના જાહેર પરિપત્ર અનુસાર આ તમામ વર્ષોની પડતર અપીલ સબંધે પૂરી કે અંશત: પાછી ખેંચેલ અપીલ અંગે ભરવાની થતી રકમ સબંધે મેં ઉપર મુજબ રકમ ભરપાઇ કરેલ છે. આમ છતાં મને ખૂટતી રકમ ભરવાની જાણ થયેથી આ ખૂટતી રકમ યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઇ કરી આપીશ.
- પાછી ખેંચેલ અપીલ બાબતે ભવિષ્યમાં કોઇ વિવાદ અરજી દાખલ કરવામાં આવશે નહીં તથા યોજના અન્વયે ભરેલ રકમનું રીફંડ માંગવામાં આવશે નહીં કે સરભર કરવામાં આવશે નહીં. જેની ખાતરી આપુ છું.

- જે આકારણી આદેશો સામે વિવાદ અરજી દાખલ કરેલ છે તે આદેશો અનુસારની બાકી માંગણાની વિગતો નીચે મુજબ છે. જે આદેશોની નકલો સાથે સામેલ રાખેલ છે.

| ક્રમ | આકારણી, કામચલાઉ આકારણી, ઇસ્યુ બેઇઝ આકારણી, ફેર આકારણીના અને રીવીઝન આદેશનો સમયગાળો | આદેશની તારીખ | કયા કાયદા હેઠળનો આદેશ છે? | કરચોરી બાબતે છે કે અન્ય બાબતે | આદેશ મુજબ ઉદભવેલ માંગણું | | | | વિવાદ અરજી દાખલ કર્યા તારીખ | અપીલ સત્તાધિકારીનું નામ (ના.વા.વેરા કમિશ્રી/સંયુક્ત વા.વેરા કમિશ્રી/વા.વેરા પંચ/હાઇકોર્ટ/સુપ્રિમ કોર્ટ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વેરો | વ્યાજ | દંડ | કુલ | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |

| જે વિવાદ અંગે યોજનામાં લાભ લેવા માંગે છે તે આદેશનો સમયગાળો | વિવાદ પૂરેપૂરી પરત ખેંચવા માંગે છે કે અંશત: તેની વિગત | જો અંશત: વિવાદ પરત ખેંચવા માંગતા હોય તે વ્યવહારોની કુલ રકમ | આવા વ્યવહારો અંગે માંગણાની પરિસ્થિતિ (વેપારીશ્રી જો પૂરી અપીલ પાછી ખેંચતા હોય તો વિગત કોલમ-(૬), (૭), (૮) અને (૯) મુજબ રહેશે ) | | | | સમાધાન યોજના અન્વયે ભરેલ રકમ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વેરો | વ્યાજ | દંડ | કુલ | વેરો | વ્યાજ | દંડ | કુલ |
| (૧૨) | (૧૩) | (૧૪) | (૧૫) | (૧૬) | (૧૭) | (૧૮) | (૧૯) | (૨૦) | (૨૧) | (૨૨) |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

એ) આ સાથે ઉપર જણાવેલ ખાતા સમક્ષ પડતર અપીલ પૂરેપૂરી કે અંશત: પરત ખેંચવા અંગેની જાણ અરજી નમુના-B માં સબંધિત વિવાદ અધિકારીને કરવામાં આવેલ છે.

બી) ઉપર જણાવેલ નામદાર ટ્રીબ્યુનલ / હાઇકોર્ટ / સુપ્રિમ કોર્ટ સમક્ષ પડતર અપીલ પૂરેપૂરી કે અંશત: પરત ખેંચવા અંગેની અરજી કરેલ છે.

(૩) **<u>સ્વમેળે ટેક્ષ ચોરી જાહેર કરનાર વેપારીઓ/ પેઢીઓ અંગે</u>**:-

- તા.૩૧/૧૨/૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત વેચાણવેરા કાયદા/ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ/કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ/ MST કાયદા અન્વયેની જુદા જુદા વર્ષોની સ્વમેળે ગણતરી અનુસારની નીચેના કોષ્ટક મુજબની રકમ મારે ભરવાની થાય છે. જેનું ગણતરીનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.
- આ કાયદાઓ અનુસારની તમામ વર્ષોની વેરા+વ્યાજ+દંડ સહિતની સ્વમેળે ગણતરી અનુસારની કુલ ભરવાની બાકી રકમ પૈકી ફકત વેરાની રકમ ₹.૧૦ (દસ) કરોડ કરતા ઓછી થતી હોઇ હું સમાધાન યોજનાનો લાભ લેવા માંગુ છું. તમામ વર્ષોની આકારણી દરમ્યાન ફકત વેરાની એકત્રિત રકમ ₹.૧૦ (દસ) કરોડ કરતાં વધશે તો મને આ યોજનાનો લાભ મળશે નહીં તેની મને

જાણ છે તથા આકારણીમાં સ્વમેળે ગણતરી સિવાયની વધારાની ઉપસ્થિત થશે તો તે રકમ ( વેરો + વ્યાજ/વ્યાજ જેટલી દંડની રકમ + દંડ સહિત તમામ રકમ / વેરો + દંડ સહિત તમામ રકમ) ભરવા હું સંમત છું.

- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ના જાહેર પરિપત્ર અનુસાર આ તમામ વર્ષોની ભરવાની થતી રકમ યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઇ કરી આપીશ.
- આ આદેશો સામે અમે ભવિષ્યમાં કોઇ વિવાદ અરજી દાખલ કરીશું નહીં તથા યોજના અન્વયે ભરેલ રકમનું રીફંડ માંગીશુ નહીં કે સરભર કરીશુ નહીં. જેની ખાતરી આપુ છું.

| ક્રમ | નાણાંકીય વર્ષ | કયા કાયદા હેઠળની રકમ ભરવાની બાકી છે? | સ્વ-ગણતરી અનુસાર ભરવાપાત્ર થતી રકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વેરો | વ્યાજ/ વ્યાજ જેટલો દંડ | દંડ | કુલ |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |

અમે ઉકત વિગતે પરિપત્રિત સુચના અનુસાર ભરવાપાત્ર થતી રકમ જે તે કાયદા અનુસારના ચલનોમાં ભરીને ૩૧/૩/૨૦૧૭ સુધીમાં રજુ કરીશ.

આપનો વિશ્વાસુ

# અપીલ પરત ખેંચવા માટેની અરજી

## નમૂનો-B

| | |
|---|---|
| <u>ફકત કચેરીના ઉપયોગ માટે</u><br>સમાધાન યોજનાની અરજી ઘટકમાં મળ્યા<br>તારીખ;___________<br>ઇન્વર્ડ નંબર: ___________<br>સમાધાન યોજના રજીસ્ટરનં:________<br>અપીલ પરત ખેંચવાની અરજી મળ્યા<br>તારીખ: ________<br>અપીલ આવક રજીસ્ટરમાં નોંધ કર્યા<br>તારીખ:________ અને નંબર:______ | વેપારી પેઢીનું નામ_______________<br>(નોંધાયેલ/બિન નોંધાયેલ)<br>નોંધણી નંબર_______________<br>સરનામું_______________<br>_______________<br>માલિક/ભાગીદારનું નામ___________<br>રહેઠાણનું સરનામુ_______________<br>મોબાઇલ નં/ટે.નં _______________<br>તા.___________ |

પ્રતિ,

વિવાદ અધિકારીશ્રી

(નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી/સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી)

વિવાદ- ___________

વિભાગ ________

વિષય:- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬.

સંદર્ભ: ૧) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસટી/૧૦૨૦૧૪/૨૨૪૧/ઠ. તા.૦૧/૮/૨૦૧૬.

૨) જાહેર પરિપત્ર ક્રમાંક: વાવેક/ગુજકા/વેટ-વેચાણવેરા સમાધાન/૨૦૧૬-૧૭/જા. પરિપત્ર ક્રમાંક:૧૮૩/૧૫૮ તા: 30/૮/૨૦૧૬

3) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસટી/૧૦૨૦૧૪/૨૨૪૧/ઠ. તા.૭/૧૨/૨૦૧૬

૪) જાહેર પરિપત્ર ક્રમાંકઃ વાવેક/ગુજકા/વેટ-વેચાણવેરા સમાધાન/૨૦૧૬-૧૭/જા. પરિપત્ર ક્રમાંકઃ તાઃ /૧૨/૨૦૧૬

રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ના લાભ લેવા અંગે મેં સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી / વાણિજ્યિક વેરા અધિકારીશ્રી___ ઘટક__________ સમક્ષ સમાધાન યોજનાની અરજી નમૂનો-A તા................ ના રોજ દાખલ કરેલ છે અને મેં પડતર અપીલોને લગતાં કેસો અંગે પણ સમાધાન યોજનાનો લાભ લેવા અંગે આ અરજીમાં જણાવેલ છે. આથી અપીલ અંગે યોજનાનો લાભ લેવા અપીલ પૂરી /અંશતઃ પરત ખેંચવાની મારી વિગત નીચે મુજબ છે.

| ક્રમ | આકારણી, કામચલાઉ આકારણી, ઇસ્યુ બેઇઝ આકારણી, ફેરઆકારણીના અને રીવીઝન આદેશનો સમયગાળો | આદેશની તારીખ | કયા કાયદા હેઠળનો આદેશ છે? | કરચોરી બાબતે છે કે અન્ય બાબતે | આકારણી આદેશ મુજબ ઉદભવેલ માંગણું | | | | વિવાદ અરજી દાખલ કર્યા તારીખ | અપીલ સત્તાધિકારીનું નામ (ના.વા.વેરા કમિશ્રી/સંયુક્ત વા.વેરા કમિશ્રી/વા.વેરા પંચ/હાઇકોર્ટ/ સુપ્રિમ કોર્ટ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વેરો | વ્યાજ | દંડ | કુલ | | |
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |

| જે વિવાદ અંગે યોજનામાં લાભ લેવા માંગે છે તે આદેશનો સમયગાળો | વિવાદ પૂરેપૂરો પરત ખેંચવા માંગે છે કે અંશતઃ | જો અંશતઃ વિવાદ પરત ખેંચવા માંગતા હોય તો તે વ્યવહારોની કુલ રકમ | આવા વ્યવહારો અંગે માંગણાની પરિસ્થિતિ (વેપારીશ્રી જો પૂરી અપીલ પાછી ખેંચતા હોય તો વિગત કોલમ-(૬), (૭), (૮) અને (૯) મુજબ રહેશે ) | | | | સમાધાન યોજના અન્વયે ભરેલ રકમ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વેરો | વ્યાજ | દંડ | કુલ | વેરો | વ્યાજ | દંડ | કુલ |
| (૧૨) | (૧૩) | (૧૪) | (૧૫) | (૧૬) | (૧૭) | (૧૮) | (૧૯) | (૨૦) | (૨૧) | (૨૨) |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ માં જણાવેલ આદેશો સામે તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં મેં દાખલ કરેલ તમામ તબક્કે પડતર વિવાદ અરજી ઉપર જણાવ્યા મુજબ હું પરત ખેંચું છું.
- વેટ/વેચાણવેરા સમાધાન યોજના-૨૦૧૬ના જાહેર પરિપત્ર અનુસાર આ તમામ વર્ષોની પડતર અપીલ અંગે ભરવાની થતી રકમ સબંધે મેં ઉપર મુજબ રકમ ભરપાઇ કરેલ છે. આમ છતાં મને ખૂટતી રકમ ભરવાની જાણ થયેથી આ ખૂટતી રકમ યોજનાના સમયગાળા દરમ્યાન ભરપાઇ કરી આપીશ.
- પાછી ખેંચેલ અપીલ બાબતે ભવિષ્યમાં કોઇ વિવાદ અરજી દાખલ કરવામાં આવશે નહીં તથા યોજના અન્વયે ભરેલ રકમનું રીફંડ માંગવામાં આવશે નહીં કે સરભર કરવામાં આવશે નહીં. જેની ખાતરી આપુ છું.

આપનો વિશ્વાસુ,